GCCI
2019-20
# Gujarat Chamber of Commerce & Industry
Shri Ambica Mills - Gujarat Chamber Building, Ashram Road, Ahmedabad - 380 009. INDIA.
079-2658 2301/2/3/4, 2658 0527 **Fax No.** 079-2658 7992
gcci@gujaratchamber.org | www.gujaratchamber.org

12517

## Press Note

૧૧ માર્ચ, ૨૦૨૦

**GCCIની બિઝનેસ વિમેન વિંગ કમિટિ દ્વારા આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ નિમિત્તે We Udaan કાર્યક્રમનું આયોજન.**

GCCIની બિઝનેસ વિમેન વિંગ કમિટિ દ્વારા આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ નિમિત્તે ૨ દિવસનું તા. ૭ અને ૮ મી માર્ચ, ૨૦૨૦ના રોજ **We Udaan** કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ સિંધુ ભવન ખાતે સ્થિત મોન્ટેક્રીસ્ટોમાં યોજવામાં આવ્યો હતો.

કાર્યક્રમની શરુઆત ૭ મી માર્ચે ગણેશ વંદના અને દિપ પ્રાગટયથી થઇ હતી. મુખ્ય અતિથિ તરીકે ઇસ્કોન ગ્રુપના ચેરમેન શ્રી પ્રવિણ કોટક ઉપસ્થિત રહ્યા હતા. દિપ પ્રાગટય ચેમ્બરના પ્રમુખ શ્રી દુર્ગેશ બુચ, સિનિ. ઉપ-પ્રમુખ શ્રી નટુભાઇ પટેલ, ઉપ-પ્રમુખ શ્રી ભાર્ગવ ઠક્કર, માનદ્-મંત્રી શ્રી સંજીવભાઇ છાજર, માનદ્-ખજાનચી શ્રી પથિકભાઇ પટવારીના હસ્તે કરવામાં આવ્યું હતું. ત્યારબાદ GCCIના હોદ્દેદારો દ્વારા એક્ઝીબીશનનું ઉદ્દ્ઘાટન કરવામાં આવ્યું હતું.

ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીના પ્રમુખ શ્રી દુર્ગેશ બુચે તેમના પ્રારંભિક પ્રવચનમાં જણાવ્યું હતું કે **We Udaan** એક ખુબ સારી પહેલ છે અને બિઝનેસ વિમેન વિંગ કમિટિએ આ કાર્યક્રમને સફળ બનાવવા પહેલા દિવસથી અથાક પ્રયત્નો કર્યા છે તેવું તેમને આવકાર્યું હતું.

GCCIની બિઝનેસ વિમેન વિંગ કમિટિના ચેરપર્સન શ્રીમતી અર્ચના ગુપ્તાએ તેમના theme address માં એવી મહિલાઓ કે જે ગામડાં કે પછી ઘરેથી બિઝનેસ કરતી હોય તેમને એક પ્લેટફોર્મ મળી રહે તેવા હેતુથી આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે તેવું તેમણે જણાવ્યું હતું. કાર્યક્રમના મુખ્ય સ્પોન્સર વ્રજ જ્વેલર્સની તેમની પ્રોડક્ટ ચેમ્બરના મુખ્ય અતિથિના હસ્તે લોન્ચ કરવામાં આવી હતી.

તા. ૭મી માર્ચ, ૨૦૨૦ ના ઉદ્દ્ઘાટન સમારોહ બાદ એક્ઝીબીશનનું ઉદ્દ્ઘાટન કરવામાં આવ્યું હતું. ત્યારબાદ સપના વ્યાસ, સલીબ્રીટી ફીટનેસ ટ્રેનર, ડૉ કવિતા સક્સેના, પ્રોફેસર, EDII, અમદાવાદ દ્વારા "FINANCE FOR SHE"- મહિલાઓ માટે ફાઇનાન્સની તકો વિષે જાણકારી આપવામાં આવી હતી. ત્યારબાદ, શ્રીમતી મીતા પટેલ, જેન્ડર રીસોર્સ ઓફીસર, ગુજરાત સરકાર દ્વારા સંચાલિત મહિલા લક્ષી યોજનાઓ વિષે જાણકારી આપી હતી.

બિઝનેસ વિમેન વિંગ કમિટિ સાથે સંકળાયેલ ડીઝાઇનર્સ અને આર્ટીસન્સની કામગીરી માટે ફેશન શો નું આયોજન કરવામાં આવ્યું હતું. જે માટે નારી પુરસ્કાર એવોર્ડથી સન્માનિત શ્રીમતી રૂમા દેવી, પ્રમુખ, ગ્રામીણ વિકાસ એવમ ચેતના સંસ્થાન, બાડમેર-રાજસ્થાન ઉપસ્થિત રહ્યા હતા.

GCCI
2019-20
# Gujarat Chamber of Commerce & Industry
Shri Ambica Mills - Gujarat Chamber Building, Ashram Road, Ahmedabad - 380 009. INDIA.
079-2658 2301/2/3/4, 2658 0527 **Fax No.** 079-2658 7992
gcci@gujaratchamber.org | www.gujaratchamber.org

## Press Note



તા. ૮મી માર્ચ, ૨૦૨૦ના રોજ દિપ પ્રાગટય બાદ ઉપસ્થિત મહિલા સાહસિક દ્વારા કેક કાપીને કાર્યક્રમની શરુઆત કરવામાં આવી હતી. ત્યારબાદ વિવિધ એક્સપર્ટ સાથે "WHAT WOMEN WANT" પર પેનલ ટોકનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ડૉ. દર્શના ઠક્કર, ડૉ. મનોજભાઈ, રેખા કાબરા, શ્રીમતી રૂપા શાહ, મેઘા મડિયા (SANISA) ગ્રુપના વાઈસ પ્રેસિડન્ટ, ઝાલાવાડ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના ભૂતપૂર્વ પ્રમુખ શ્રીમતી માધવી શાહ, શ્રીમતી શ્રદ્ધા સોપારકર, ઉપસ્થિત રહ્યા હતા, જેનું સંચાલન શ્રીમતી મેઘા ભટ્ટ, WOMEN SCIENTIST દ્વારા કરવામાં આવ્યું હતું. ત્યારબાદ અલગ-અલગ વ્યવસાય અને એન.જી.ઓ. સાથે સંકળાયેલ મહિલાઓનું અમદાવાદ શહેરના પૂર્વ મેયર શ્રીમતી મીનાક્ષીબેન પટેલ હસ્તે એવોર્ડ થી સન્માન કરવામાં આવ્યું હતું.

ત્યારબાદ મહિલાઓ માટેના કાયદા અને અધિકાર વિષે કાયદાના જાણકાર એડવોકેટ વૈભવી નાણાવટી દ્વારા " LAW TALK" નું આયોજન કરવામાં આવ્યું હતું. વધુમાં "WE WOMEN" APP, શ્રીમતી બેલા મનિયાર દ્વારા "કુકિંગ શો" અને શ્રીમતી આશકા પટેલ દ્વારા કેન્ડલ મેકીંગ શો નું આયોજન કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમના સમાપન સમારોહમા સુપ્રસિદ્ધ ગાયીકા કૈરવી બુચ, દ્વારા "LIVE CONCERT"નું આયોજન કરવામાં આવ્યું હતું.

---

**તંત્રીશ્રી/ચીફ રીપોર્ટરશ્રી/કોમર્શીયલ એડીટરશ્રી/બ્યૂરો ચીફ/ન્યૂઝ એડીટરશ્રી,**
**યોગ્ય પ્રસિદ્ધિ સારુ વિનંતી સહ રવાના,**

**તન્મય મહેતા**
*સેક્રેટરી જનરલ*